# ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલમાંથી ૪૧ જણને ઉગારી લેવાની ઘટના પરથી બનશે ફિલ્મ

## આ ફિલ્મ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેના સર્જનાત્મક સહયોગનું પ્રતીક બનશે, આમિર ખાન અને કબીર ખાન મળીને બનાવશે

**આમિર** ખાન પ્રોડક્શન્સ, માઇન્ડ બ્લોઇંગ ફિલ્મ્સ અને કબીર ખાન ફિલ્મ્સે તેમની નવી ફિલ્મ 'સિલ્ક્યારા 41'ની સત્તાવાર જાહેરાત કરી છે. આ ફિલ્મ ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલમાં થયેલા ઐતિહાસિક બચાવ-અભિયાન પર આધારિત હશે. આ રેસ્ક્યુ ઑપરેશન દરમ્યાન ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યના સ્થાનિક હીરો અને વિશ્વવિખ્યાત ટનલિંગ નિષ્ણાત આર્નોલ્ડ ડિક્સે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.



આમિર ખાન સાથે ઘટનાના હીરો આર્નોલ્ડ ડિક્સ (જમણેથી બીજા) અને કબીર ખાન (એકદમ ડાબે).

આ ફિલ્મનું ડિરેક્શન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મમેકર કબીર ખાન કરશે. આ ફિલ્મ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેના સર્જનાત્મક સહયોગનું પણ પ્રતીક બનશે. ફિલ્મની જાહેરાત કરતાં નિર્માતાઓએ જણાવ્યું હતું કે 'માઇન્ડ બ્લોઇંગ ફિલ્મ્સ અને આમિર ખાન પ્રોડક્શન્સ વચ્ચેના આ મહત્ત્વપૂર્ણ સહયોગની જાહેરાત કરતાં અમને ખૂબ આનંદ થાય છે. સિલ્ક્યારા ટનલ બચાવ-અભિયાનની વાર્તાએ અમને ઊંડાણપૂર્વક પ્રભાવિત કર્યા છે. આ ઘટના અશક્ય લાગતી પરિસ્થિતિમાં હિંમત, ધીરજ, બુદ્ધિમત્તા અને માનવતાનું અનોખું ઉદાહરણ છે. ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધોના નવા અધ્યાયની શરૂઆતના આ ઐતિહાસિક અવસરે આ ફિલ્મની જાહેરાત કરતાં અમને ગર્વ થાય છે.'